પત્રિકા
૧૬૧

# ચિરાગે હિદાયત

૦૧/૦૬/૧૮
૧૬ રમઝાન

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૯ રમઝાન - શબે ઝરબત / શબે કદ્ર

૨૧ રમઝાન - શહાદતે હઝરત અલી(અ.સ.) / શબે કદ્ર

## શબે કદ્ર

ઈસ્લામી કેલેન્ડરમાં સૌથી મહત્વની રાત અને ફઝીલતવાળી શબ શબે કદ્ર છે. આ રાત દુનિયાના તમામ મુસલમાનો માટે મહત્વની રાત છે અને આ રાત માહે મુબારકે રમઝાનની એક રાત છે. તે ચાહે શિયાઓ મુજબ ૧૯, ૨૧, ૨૩ની કોઈ એક રાત હોય કે એહલે તસન્નુન પ્રમાણે ૨૭ મી રમઝાનુલ મુબારકની રાત હોય. આ રાત્રિનો ઝિક્ર કુરઆને કરીમમાં સૂરે કદ્ર અને સૂરે દોખાનમાં કરવામાં આવ્યો છે. આ રાત્રિની ખાસ ફઝીલતો છે, જેમાંની એક છે કે કુરઆને કરીમનું નાઝીલ થવું અને બીજી ફઝીલત એ છે કે આ રાત્રિમાં મલાએકાઓ અને રૂહો નાઝિલ થાય છે અને આખા વર્ષના તમામ કાર્યો નકકી કરવામાં આવે છે અને અમુક અગત્યની ફઝીલતો પણ છે કે જેનાથી લોકો અજાણ છે, આ એ ફઝીલત છે કે જેને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અને પવિત્ર એહલેબૈત(અ.મુ.સ.) ખાસ મહત્વ આપે છે અસંખ્ય રીવાયતો છે જે લયલતુલ કદ્ર અને માઅસૂમીન(અ.મુ.સ.)ના ઘનિષ્ટ સંબંધો ઉપર ભાર મૂકે છે.

* *શબે કદ્ર અને હઝરત અલી(અ.સ.)નો મરતબો :*

બૂરેદાહની રિવાયત છે કે હું અલ્લાહના નબી(સ.અ.વ.) અને હઝરત અલી(અ.સ.)ની સાથે બેઠો હતો. ત્યારે મેં જોયું કે આપ(અ.સ.)એ ફરમાવ્યું ''અય અલી! શું મેં તમને મારી સાથે સાત પ્રસંગ પર ગવાહ નથી બનાવ્યા? તેમાંથી પાંચમો પ્રસંગ લયલતુલ કદ્ર છે કે જેની બરકત ખાસ કરીને આપણી સિવાય કોઈની માટે નથી.''

*(બસાએરૂદરજાત, ભાગ-૧, પેજ નં. ૨૨૧, બેહારૂલ અન્વાર, ભાગ-૯૪ પેજ નં. ૨૪)*

ઈમામ જાફરે સાદિક(અ.સ.)થી રિવાયત છે કે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ(અ.સ.) ઘણી વખત કહેતા કે જયારે અમે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને મળતા અને આપ(સ.અ.વ.)

આ આયતની તિલાવત કરતા (બેશક અમે આને કદ્રની રાતે નાઝિલ કર્યુ. – સૂરએ કદ્ર આ.૧) અને પછી આંસુ વહાવતા. ત્યારે એક વખત હ.અબુબક્ર અને હ.ઉમર પણ ત્યાં મોજૂદ હતા. તેથી તેઓ બંનેએ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)થી સવાલ કર્યો કે આપ આ સૂરાથી શા માટે ખૂબ વધારે પ્રભાવિત છો?

આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું કે ''હું તે ચીઝથી પ્રભાવિત છું જે મારી આંખે જોયું અને જે મારા દિલે સંગ્રહ કર્યો અને તેમનું (અલી(અ.સ.))નું દિલ મારા બાદ અનુભવશે.''

ત્યારે ફરી તે બંનેએ સવાલ કર્યો ''આપે શું જોયું અને તેમનું દિલ શું અનુભવ કરશે?'' આપ(સ.અ.વ.)એ આ આયતની તિલાવત કરી ''**મલાએકા અને રૂહુલ કુદ્દુસ તેમના પરવરદિગારની રજાથી નાઝીલ થાય છે. દરેક અમ્રની સાથે ત્યાં સુધી કે ફજ્ર થાય.**''

આપ(સ.અ.વ.)એ પછી તેઓ બંનેને સવાલ કર્યો ''શું તમે બંને જાણો છો આ કોના ઉપર નાઝીલ થાય છે?'' ત્યારે તેઓએ જવાબ આપ્યો ''અલ્લાહની કસમ! નહી.''

આપ(સ.અ.વ.)એ સવાલ કર્યો ''મારા બાદ શબે કદ્ર હશે?'' તે બંનેએ જવાબ આપ્યો ''હા.''

આપ(સ.અ.વ.) ફરી સવાલ કર્યો ''શું તેમાં અમ્ર નાઝિલ થશે?'' તે બંનેએ જવાબ આપ્યો ''હા.'' પછી આપ(સ.અ.વ.)એ પૂછ્યુ ''કોના ઉપર?''

તે બંનેએ અજ્ઞાનતા બતાવીને જવાબ આપ્યો ''અમને ખબર નથી.'' ત્યારે **હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ હઝરત અલી(અ.સ.)ના માથા ઉપર હાથ રાખીને ફરમાવ્યું ''અગર તમને ખબર ન હોય તો જાણી લો આ મારા બાદ છે.''**

આ વાતથી એ સાબિત થાય છે કે લયલતુલ કદ્ર આલે મોહમ્મદ(અ.મુ.સ.)ની ઈમામતથી સંબંધિત છે.

* મુફઝઝલ બિન ઉમરથી રિવાયત છે કે જ્યારે સૂરએ કદ્રનું ઈમામ સાદિક(અ.સ.)ની હાજરીમાં વર્ણન થયું ત્યારે આપ(અ.સ.)એ ફરમાવ્યું ''આ સૂરાની ફઝીલત બીજા સૂરાઓ ઉપર ઘણી સ્પષ્ટ છે.'' મેં સવાલ કર્યો ''મૌલા! કઈ રીતે?'' ઈમામ(અ.સ.)એ

જવાબ આપ્યો ''હઝરત અલી(અ.સ.)ની વિલાયત આ સૂરામાં નાઝિલ થઈ છે.'' મેં સવાલ કર્યો ''જેની ઉમ્મીદ માહે રમઝાનમાં કરવામાં આવે છે?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''હા, **તે જ રાતમાં જેમાં ઝમીન અને આસમાનની બાબતો નક્કી થાય છે. હઝરત અલી(અ.સ.)ની વિલાયત પણ નક્કી થાય છે''** *–મઆનીલ અખબાર, પે.૩૧૬*

## શબે કદ્ર અને વલીએ અસ્ર

જયારે શબે કદ્ર દર વર્ષે આવે છે તો અલ્લાહ તઆલા તરફથી દર વર્ષે ફરિશ્તાઓ અલ્લાહના પૈગામને લઈને આ ઝમીન ઉપર નાઝિલ થાય છે. આખા વર્ષના તમામ મહત્વના કાર્યો લઈને. તો હવે અહીં સવાલ એ થાય છે કે આજના ઝમાનામાં આ ફરિશ્તાઓ કોની પાસે આવે છે?

અલ્લાહની સુન્નત છે કે તેણે જયારે પણ કોઈ ફરિશ્તાને વહી, કિતાબ કે પૈગામ કે સહીફા લઈને ઝમીન ઉપર મોકલ્યા છે તો અલ્લાહે તેને મકસદ વગર નથી મોકલ્યા. તેને કોની ખિદમતમાં હાજર થવું અને અલ્લાહની આ અમાનતને કોને સોંપવું તે બતાવીને મોકલે છે. જેમ કે મૂસા(અ.સ.) માટે તૌરેત, ઈસા(અ.સ.) માટે ઈન્જીલ અને કુરઆન માટે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને નકકી કર્યા છે. તો હવે આજે આપણે એ વાતને સ્વીકારવું પડશે કે આજે પણ શબે કદ્રમાં જયારે અલ્લાહના અમ્ર નાઝિલ થઈ રહ્યા છે તો 'સાહેબે અમ્ર', 'વલીએ અમ્ર'નું વુજૂદ જરૂરી છે કે જે તમામ ઉમુરે ખુદાવંદીને હાંસિલ કરે. જેની ખિદમતમાં ફરિશ્તાઓ હાજર થઈ શકે અને તે બીજું કોઈ નહી પણ હુજ્જતે ખુદા અને વલીએ અમ્ર આપણા ઝમાનાના ઈમામ મહદી(અ.ત.ફ.શ.) જ છે.

હઝરત અબુ જાફર ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)નું બયાન છે કે ''જે શખ્સ શબે કદ્રના વુજૂદ ઉપર યકીન રાખે છે, તેને ખબર હોવી જોઈએ કે આ ફકત અમારાથી મખ્સુસ છે સાહેબે અઝમત વ જલાલ ખુદાની શાને કબીર બુલંદ અને બરતર છે અને તેની શાનની વિરૂધ્ધ છે કે તે ફરિશ્તાઓ અને રૂહને અમ્રની સાથે કોઈ કાફિર અને ફાસિક પાસે મોકલે.'' (અમ્રે ખુદાવંદીને મેળવવા માટે માસૂમ વલીનું વુજૂદ જરૂરી છે.) *(અલ કાફી–૧, પે. ૨૫૩, હ.૯)*

આથી અમ્રના નાઝિલ થવા માટે વલીએ અમ્રનું હોવું જરૂરી છે. એ જાણ્યા પછી એ લોકોની શબે કદ્ર, શબે કદ્ર છે જે વલીએ અમ્ર હઝરત હુજ્જત ઈબ્નીલ હસન અસ્કરી(અ.સ.)ના વુજૂદ ઉપર યકીન રાખે છે.

તો અઝીઝો! આ શબે કદ્રમાં કે જયારે અલ્લાહ તઆલા આખા વર્ષની તમામ બાબતોને નકકી કરશેઃ ઉમ્ર, રિઝ્ક, ઔલાદ, શાદી, બુલંદી, ઈઝઝત, ઝિલ્લત, વરસાદ, દુષ્કાળ, પુર, જંગ, અશાંતિ. જે કાંઈ આ દુનિયામાં થવાનું છે તે બધું આ રાતમાં નકકી થશે. તો આપણે ખુદાની બારગાહમાં કરગરીને અલ્લાહ તઆલા પાસે ઝમાનાના ઈમામ(અ.સ.)ના જલ્દી ઝુહુરની દુઆ માંગીએ અને તેમાં સેહલો આસાનીથી ઝુહુર થઈ જાય અને આપણને ઈમામ(અ.સ.)ની સાથે માહે મુબારક પસાર કરવાની ખુશનસીબી નસીબ થાય, આ વર્ષમાં સૌથી પહેલા આપણને વલીએ નેઅમતનો ફૈઝ હાંસિલ થાય અને આપણે સૌને તેમના ગુલામો અને ખિદમત ગુઝારોમાં શુમાર કરે.

* *શબે કદ્રના આમાલમાં ધ્યાન રાખવા જેવી બાબતો :*

૧) આખી રાત જાગીને ઈબાદતમાં પસાર કરવી.

૨) સદકો કાઢવો.

૩) આખા વર્ષ દરમ્યાન કરવાના નેક આમાલની નિય્યત કરવી.

૪) માં-બાપ, ઔલાદ, રિશ્તેદાર, મરહુમો માટે દુઆ કરવી.

૫) સલામતી અને આફેયતની દુઆ માંગવી.

૬) ઈમામે ઝમાના(અ.સ.) માટે વધારેમાં વધારે દુઆ કરવી.

૭) કુરઆન અને એહલેબૈત(અ.મુ.સ.)ને વસીલો બનાવે.

૮) તૌબા અને ઈસ્તગફાર કર્યા કરે.

૯) ઈલ્મ હાંસિલ કરે.

૧૦) આ રાત્રીના સમયને વેડફી ન નાખે. (મજલીસ, દુઆ, નમાઝ, ગુનાહની માફી અને અલ્લાહનો ઝિક્ર કરે.)

---

**એક નમ્ર વિનંતી :** અમારા માજી ટ્રસ્ટી મરહુમ ગુલામઅલી મહમદઅલી મેઘાણીનો ૨૦ રમઝાનના રોજ વાર્ષિક દિવસ હોવાથી એક સૂરએ ફાતેહા પઢી બક્ષી આપવા વિનંતી.

---

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com